Divya Bhaskaar
February 04,2015

જીએસએફસી દ્વારા ખેડૂતોને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની માહિતી આપતો પ્રોગ્રામ યોજાયો. હાલમાં જ શરૂ કરાયેલ આ ઈનિશિયેટિવ અંગેની માહિતી જીજીઆરસીના એમડી ડો.એસ.કે.નંદાએ ખેડૂતોને આપી હતી.

# '2 લાખ હેક્ટર જમીનમાં ટપક સિંચાઈ પદ્ધતિથી ફાર્મર્સને સાંકળવાનો પ્રયાસ'

**SHARING INFORMATION**

સિટી રિપોર્ટર • ખેતીમાં પાણીની બચત થાય, ઊર્જાની બચત થાય અને ઓછા રૂપિયે વધુ ઉત્પાદન મેળવી શકાય તે હેતુથી જીએસએફસી દ્વારા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની પ્રમોટ કરાઈ છે. આ કંપનીના નેજા હેઠળ ખેડૂતોના ફાયદા માટે સરદારે એગ્રી પેકેજની જાહેરાત કરી છે. મંગળવારે જીએસએફસીમાં યોજાયેલા પ્રોગ્રામમાં જીજીઆરસીના એમડી ડૉ.એસ.કે.નંદા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.એસ.કે.નંદાએ જણાવ્યું હતું કે, 'આ પેકેજનો ઉદેશ્ય પાણી, ખાતર અને ઊર્જાની બચત કરવાનો છે, જેના માટે ટપક સિંચાઈ પદ્ધતિ અને સોલાર વોટર પંપને ટુલ તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. હ્યુમન લાઈફ ઈન્ડેક્સને સારી રીતે વધારવા માટે ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરે અને ખાસ કરીને પોતાના ખાધાખોરાકી માટે થતી ખેતીમાં બાયો ફર્ટિલાઈઝરનો ઉપયોગ કરે. આગામી સમયમાં બે લાખ હેક્ટર જમીનમાં ટપક સિંચાઈ પદ્ધતિથી ખેડૂતો સંકળાય તેવો પ્રયાસ છે. 150 ફીટ સુધી 3 હોર્સ પાવરના સોલાર પંપની મિનિમમ કોસ્ટ પર 50 ટકા સબસિડી પણ અપાશે. આ સબસીડી ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા અથવા તો અન્ય સંસ્થા પાસેથી મેળવવામાં આવશે.' આ પ્રોગ્રામ સાથે સંકળાયેલા અનેક મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## યુરિયા 100% નીમ કોટેડ

અગાઉ યુરિયાનો અન્ય પ્રકારનો ઉપયોગ થતો અટકાવવા માટે તેમાં 35% નીમનું કવર મિક્સ કરાતું હતું. જે વધારીને તેનું અન્ય ઇન્ડસ્ટ્રીઝમાં કન્વર્ઝન અટકાવવા માટે 100% કરી દેવાયું છે તેવું ડો.એસ.કે. નંદાએ જણાવ્યું હતું.



## કેતન પટેલને 'બેસ્ટ ફાર્મર'નો એવોર્ડ

આણંદના ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામના કેતન પટેલને આ કાર્યક્રમમાં જિલ્લાના 'શ્રેષ્ઠ ફાર્મર'નો એવોર્ડ જાહેર કરાયો છે. આ એવોર્ડ લેતા તેમણે જણાવ્યું હતું કે, 'મેં ગ્રીન હાઉસ દ્વારા કકુમ્બરનું ઉત્પાદન કર્યું હતું. જેમાં ટપક સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. આ ગ્રીન હાઉસમાં 17 ટન ઉત્પાદન થયું હતું અને પ્રથમ વર્ષે 3.5 લાખનો નફો થયો હતો.'